**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 10-12-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## રાજ્યમંત્રી મંડળની બેઠક

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ હતી.

ગાંધીનગરમાં ખાતે સવારે યોજાયેલી બેઠકમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.. જેમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી,  ડીએપી ખાતર અને બાકી રહેલા કૃષિ રાહત પેકેજ, પીએમજેએવાય માં નવી એસઓપી તથા ખ્યાતિ કાંડની તપાસ સહિતના વિષયો ઉપર કેબિનેટની બેઠકમાં ચર્ચા, ઉપરાંત રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો પર ચર્ચા થઇ હતી.

**RNU અમદાવાદ**

---

## લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત

સંસદમાં વિરોધ પક્ષના હોબાળા વચ્ચે રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી આવતીકાલે 11 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. રાજ્યસભાએ કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભૂતપૂર્વ વિદેશમંત્રી S.M. કૃષ્ણાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી મૌન પાળ્યું હતું.

**RNU અમદાવાદ**

---

## રણોત્સવ અંતર્ગત સ્વચ્છતા અભિયાન

રણોત્સવ 2024-25 અંતર્ગત જિલ્લા કલેક્ટર અમીત અરોરાના માર્ગદર્શન હેઠળ ધોરડો, રોડ ટુ હેવન અને ધોળાવીરા ખાતે સ્વચ્છતા જાગૃતિ અભિયાન હાથ ધરાયું છે. જેમાં જિલ્લા વહીવટી તંત્ર ઉપરાંત 17 જેટલી અન્ય સંસ્થાઓના સહયોગ દ્વારા સ્વચ્છતા જાગૃતિ રેલી સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. લોકો સ્વચ્છ રહે, તંદુરસ્ત રહે તે માટે શાળાઓના સહયોગથી હાથ ધરાનારી પ્રવૃત્તિઓ દ્વારા સ્વચ્છતા અભિયાનમાં સૌને જોડાવવા હાકલ કરાઇ હતી.

**N.P. / કલ્પના શાહ**

---

## ગીતા જયંતીની કરાઇ રહેલી ઉજવણી

દક્ષિણામૂર્તિ ટ્રસ્ટ, આર્ષ અધ્યયન કેન્દ્ર અને સનાતન હિન્દુ સમાજ દ્વારા કચ્છમાં ગીતા જ્યંતી મહોત્સવની ઉજવણી થઇ રહી છે. 8 ડિસેમ્બરના

ગીતા જયંતી મહોત્સવનો ગીતા ગ્રંથયાત્રા સાથે પ્રારંભ થયો હતો. આજે ભુજના ટાઉનહોલ ખાતે હનુમંત કથાનું આયોજન કરાયું હતું જ્યારે સવારે સામુહિક સુંદરકાંડના પાઠ યોજાયા હતા. આગામી 12 ડિસેમ્બર સુધી જુદા જુદા કાર્યક્રમ યોજાશે.

**N.P. / પરેશ મારૂ**

------------------------------------------------------------------

## પ્રત્યક્ષકર વિવાદ સે વિશ્વાસ 2024 સંવાદ સત્ર

ગાંધીધામ આવકવેરા વિભાગ દ્વારા પ્રત્યક્ષ કર 'વિવાદ સે વિશ્વાસ 2024' પર એક સંવાદ સત્રનું આયોજન કરાયું હતું. 2020 માં શરૂ થયેલી આ યોજના એ કેન્દ્ર સરકારની ઐતિહાસિક પહેલ બની હતી. જેની સફળતાને જોતાં 2024 માં ટેક્સ પેટન્ટ પ્રણાલીને સરળ બનાવવામાં મદદ મળે, તે હેતુથી કરદાતાઓ અને કરવિભાગ વચ્ચે પરસ્પર વિશ્વાસ મજબૂત બને તેવું આયોજન હાથ ધરાયું હતું.

આ પ્રકારના સંવાદ સત્રો મારફત ચેમ્બર દ્વારા સ્થાનિક વ્યવસાય સમુદાયને મહત્વપૂર્ણ કર સુધારણાઓ અને નીતિઓ વિશે માહિતગાર કરવા અને તેમને સશક્ત બનાવવાના પ્રયાસ એ દિશામાં એક પહેલ છે તેવો મત વ્યક્ત કરાયો હતો.

**N.P. / કલ્પના શાહ**

------------------------------------------------------------------

## ચિત્ર સ્પર્ધામાં ભુજમાં ચિત્રકારની કૃતિ

ઉત્તર પ્રદેશના નોઇડા ખાતે યોજાયેલા આંતર રાષ્ટ્રીય ચિત્ર પ્રદર્શનમાં ભુજના યુવા ચિત્રકારની કૃતિ આકર્ષણનું કેન્દ્ર બની હતી. પ્રદર્શનમાં 60 દેશોમાંથી 1486 એન્ટ્રી આવી હતી જે પૈકી 550 કૃતિ પસંદ કરાઇ હતી. જેમાં કચ્છની એકમાત્ર ભુજના ચિત્રકાર લાલજી જોષીની પસંદગી કરાઇ હતી. તેમણે વોટર કલરથી બનાવેલી “કોઈન ઓફ કચ્છ” ચિત્રકૃતિ આકર્ષણનું કેન્દ્ર બની હતી  ત્યારે રંગોના માધ્યમથી પોતાની સંસ્કૃતિને જીવંત રાખનાર આ કૃતિ આકર્ષણરૂપ બની હતી.

**N.P. / કલ્પના શાહ**

---------------------------------------------------------------------

## નિધન

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી એસ.એમ.ક્રિશ્નાનું આજે સવારે બેંગલુરુ સ્થિત તેમનાં નિવાસસ્થાને અવસાન થયું છે. તેઓ 92 વર્ષના હતા અને લાંબા સમયથી બીમાર હતા.

એસ.એમ.ક્રિશ્નાએ તેમની રાજકીય કારકિર્દી દરમિયાન અનેક અગ્રણી હોદ્દાઓ સંભાળ્યા હતા. તેઓ વર્ષ 1999થી 2004 સુધી કર્ણાટકના મુખ્યમંત્રી અને વર્ષ 2009થી 2012 સુધી વિદેશ મંત્રી રહ્યા હતા. ઉપરાંત તેઓ વર્ષ 2004થી 2008 સુધી મહારાષ્ટ્રના 18મા રાજ્યપાલ પણ હતા.

**RNU અમદાવાદ**

---

## ઠંડીની તીવ્રતામાં વધારો

ઉત્તરાદા ઠંડા પવનોને પગલે કચ્છ સહિત રાજ્યભરમાં ઠંડીની તીવ્રતામાં વધારો થયો છે. જિલ્લાના મહત્તમ તાપમાનમાં વધુ ઘટાડો નોંધાતા દંખીલા ઠારથી જનજીવન પ્રભાવીત થયું છે. રાજ્યના સૌથી શીત મથક નલિયામાં લઘુત્તમ ઉષ્ણાતામાન 6.4 ડિગ્રી તો જિલ્લા મથક ભુજમાં 11.4 અને કંડલામાં 14.5 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણાતામાન નોંધાયું હતું. હજુ બે દિવસ શીતલહેર યથાવત રહેશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. તીવ્ર ઠારને પગલે ઉનના વસ્ત્રોની ખરીદીમાં ઘરાકી જોવા મળી રહી છે તો ઠેર-ઠેર તાપણા દ્વારા લોકો ઠાર સામે રક્ષણ મેળવવાના પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે આ ઠંડી રવિ પાક માટે લાભકારક નિવડશે તેવું ધરતીપુત્રો જણાવી રહ્યા છે.

**N.P. / કલ્પના શાહ**

---